મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં દશામાની મૂર્તિ ખરીદવા બહેનોની ભારે ભીડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના બજારોમાં છેલ્લી ઘડી સુધી દશામાંની મૂર્તિની ખરીદી માટે બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. શહેરના બજારમાં દશામાની મૂર્તિ રૂ.૧૦૦ થી લઈને રૂ. ૫૦૦ માં વેચાણ થતી હતી. જયારે પૂજાપો અને માતાજીના શણગારના પણ રૂ. ૫૦ હતા. ત્યારે માર્કેટમાં મહિલાઓ પ્લાસ્ટર ઓફ પેરીસ કરતા માટીની મૂર્તિ વિશેષ પસંદ કરતા નજરે પડી હતી. જયારે માટીની મૂર્તિ રૂ.૨૦૦ થી લઈને સાઈઝ પ્રમાણે અલગ અલગ ભાવ જોવા મળ્યા હતા. ગાંધીનગર શહેરમાં હજજારો મહિલાઓ માતાજીના વ્રત કરતી હોવાથી સાંજ ઢળે બજાર બહેનોથી ઉભરાતું હતું.

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભને ગણતરીની ઘડીઓ ગણાઈ રહી છે. આવતી કાલે દિવાસો એટલે દિવાળીને સો દિવસ બાકી રહ્યા. દિવાસાના

દિવસથી તહેવારોની મોસમની શરુઆત થાય છે. તો બીજી તરફ દિવાસાના દિવસે દશામાનું વ્રતનો પ્રારંભ થાય છે. દસ દિવસ મહિલાઓ માતાજીની ભકિતભાવથી આરાધના કરતી નજરે પડશે. ત્યારે માતાજીની મૂર્તિ ખરીદી માટે શહેરના વિવિધ બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. રૂ. ૧૦૦ થી લઈને ૫૦૦ સુધીની મૂર્તિ ખરીદી કરવા માટે બહેનો ઉમટી પડી હતી. જયારે પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું હતું. જયારે માટીની કલાત્મક મૂર્તિ મહિલાઓને પસંદ પડતા વધુ ખરીદી કરતા નજરે પડી હતી. મોડીરાત સુધી બજારમાં મૂર્તિ તેમજ પૂજાપા ખરીદી માટે ભારે ભીડ લાગી હતી.

દિવાસાના દિવસે પટ્ટણી સમાજના નાના બાળકથી લઈને મોટી વયના તમામ નાગરીકો સવારે સ્મશાન જઈને પોતાના પરિવારના મૃત વ્યકિતઓના આત્માઓને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે. અને સ્માશાનમાં જઈને તેઓને યાદ કરીને ખુબ રડે છે. ત્યારબાદ પૂજન-અર્ચન કરવામાં આવે છે. પટ્ટણી સમાજના એક આગેવાનને પુછતા તેઓએ જણાવ્યું હતું કે આ વર્ષોથી આવતી પરંપરા છે, જયારે સૌ ઘરના સભ્યો મૃતકોને યાદ કરીને દિવાસાના દિવસે રડીને મોક્ષ માટે પ્રાર્થના કરે છે.

@ગાંધીનગર

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે પેપરબોલના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૩૦ હરિયાળી અમાસના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સમસ્ત જણસારી સમાજ ગાંધીનગર દ્વારા ૭૫ વર્ષથી ઉપરના સિનિયર સિટિઝનોનો સન્માન સમારોહ બપોરે ૨ કલાકે જુના સચિવાલય કેન્ટીન ખાતે યોજાશે.

કુંભેશ્વર મહાદેવ ખાતે લઘુ રૂદ્રાભિષેક યોજાશે

ગાંધીનગર, તા.૧૦

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે તા.૧૨ ઓગસ્ટને રવિવારના રોજ શરુ થતા રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે બાબુભાઈ ડી.શર્મા મંત્રી દ્વારા લઘુરૂદ્રાભિષેક મહાપ્રસાદ સાથે કુંભેશ્વર મહાદેવ કોબા ખાતે રવિવારના રોજ સવારે ૯ કલાકે યજ્ઞ યોજાશે. મંડળના સભ્યોને પંચદેવ મંદિરથી કોબા ખાતે લઈ જવાની વાહનની વ્યવસ્થા સવારે ૮.૩૦ કલાકે રાખવામાં આવી છે.

લોહાણા યુવા સંગઠન દ્વારા સે-૩ ખાતે જરૂરીયાતમંદ બાળકોને સહાય વિતરણ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા અનોખી પહેલ કરવામાં આવી રહી છે જેમાં સંસ્થા દ્વારા જરૂરીયાતમંદ લોકોને સામાજીક સેવાના કાર્ય થકી સતત મદદ પહોંચાડવામાં આવી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં શ્રી જયભીમ વિવિધલક્ષી ટ્રસ્ટ, શોપીંગ સેન્ટર પાસે, સેક્ટર-૩, ગાંધીનગર ખાતે અભ્યાસ કરતાં જરૂરીયાતમંદ બાળકોને ચોપડા, પેન, પેન્સીલ વિતરણ કરવામાં આવ્યું હતું આ ઉપરાંત આઈસ્ક્રીમ પણ કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ ભરત ઠક્કર

દ્વારા શ્રી જયભીમ વિવિધલક્ષી ટ્રસ્ટને કુલર પણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ નિલેશ પુજારા, ઉપપ્રમુખ પાર્થ ઠક્કર, ભરત ઠક્કર, કોષાધ્યક્ષ જીજ્ઞેશ હાલાણી, સહકોષાધ્યક્ષ જીતેન્દ્ર ઠક્કર, કારોબારી સદસ્ય જીગ્નેશ મજીઠીયા, અમીત હાલાણી, ધવલ દત્તાણીએ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત વિવિધ સંસ્થાના પ્રશાંત ત્રિવેદી, સુરેશભાઈ, ઉષાંગ પારેખ, મયુરભાઈ, નિલેશભાઈ, ભવાન સહિત શ્રી જયભીમ વિવિધલક્ષી ટ્રસ્ટના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

આ ઉપરાંત આદર્શ નિવાસી અ.જા. શાળા (કન્યા) ખાતે પણ તા. ૮ ઓગષ્ટના રોજ સંસ્થાના સંગઠન મંત્રી સચિનભાઈ ઠક્કરના સક્રિય પ્રયત્નો થકી હેપ્પી વિંગ સંસ્થાના હિના પટેલ દ્વારા સેનેટરી નેપકીન વિતરણ અને તે અંગેની સમજ પૂરી પાડવામાં આવી હતી. લાસટ્રોનીક્સ ટેક. પ્રા.લી.ના ડાયરેક્ટર શીલા માંડલીયા દ્વારા આત્મવિશ્વાસ કેળવવા અંગેની તાલીમ, સ્ત્રીસશક્તિકરણ વિષેની સમજ અને મસ્તી પટેલ દ્વારા પાયલોટ સહિત અને મુદ્દાઓ વિશે ઝીણવટપૂર્વક ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્રણેય વક્તાઓ દ્વારા જીવન જીવવા માટેની મોટીવેશનલ સ્પીચ પણ આપવામાં આવી હતી.

વિદ્યાભારતી કેન્દ્ર ખાતે કેન્સર સેમિનાર યોજાશે

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા કેન્સર સેમિનારનું આયોજન આગામી તા. ૧૩મી ઓગસ્ટના રોજ બપોરે ૧.૩૦ થી ૩ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું છે. આ સેમિનાર અંતર્ગત વિના મૂલ્યે પેપ ટેસ્ટ કરવામાં આવશે. પેપ ટેસ્ટ કરાવવા ઈચ્છતા નગરજનોને વિદ્યાભારતી અધ્યયન કેન્દ્ર, સે-૨૨ ખાતે ફોન નં. ૦૭૯-૨૩૨૪૫૨૨૩ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

ગાંજાની સ્મગલીંગ કરતા ચાર ડ્રગ પેડલર ઝડપાયા...!

ગાંધીનગર એલસીબી-એસઓજીનો સપાટો : શેરથા ટોલટેક્ષ પાસેથી પોલીસે ઈકો ગાડીમાં ગાંજાની હેરાફેરી કરતા ચારેયને દબોચી લીધા : ૨૮ કિલો ગાંજો જપ્ત : માલ રખિયાલ લઈ જવાઈ રહ્યો હતો : મોટું નેટવર્ક ખુલે તેવી શકયતા

ગાંજા સ્મગલીંગમાં ઓરીસ્સા કનેકશન...!

ઈકો ગાડીમાં ૨૮ કિલો ગાંજાના મોટા જથ્થાની સ્મગલીંગ કરતા પકડાયેલા ચાર ડ્રગ પેડલરોની પ્રાથમિક પુછપરછમાં સુરતના ગાંજાના મોટા ડીલર 'શંકર'નું નામ ખુલ્યું હોવાનું જાણવા મળ્યું છે. શંકર ગાંજા વિક્રેતામાં મોટું નામ હોવાના રેકર્ડ છે. શંકર મોટે ભાગે ઓરિસ્સાથી ગાંજાનો માલ મંગાવે છે જેને પગલે આ ગાંજાનું કનેકશન ઓરીસ્સા સુધી પહોંચે તેવી સંભાવના છે.

કોલવડામાં ગાંજા વેચતી ડોશીના ઘરે એસઓજીનો દરોડો : ચાર કિલોથી વધુ ગાંજાનો જથ્થો સીઝ

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમે બાતમીને આધારે મોડી રાત્રે કોલવડા ગામમાં પગીવાસમાં રહેતી એક ડોશીના ઘરે દરોડો પાડયો હતો. વર્ષોથી પંકાયેલી આ ડોશીના ગ્રાહકો મોટે ભાગે નેશનલ ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓ હતા. એસઓજીએ પગીવાસમાં મહિલા પોલીસને સાથે રાખીને દરોડો પાડી શંકુબેન સુખાજી ઠાકોરના ઘરમાંથી ૪ કિલો ૭૦ ગ્રામ ગાંજાનો જથ્થો પકડી પાડયો છે. આ ડોશી સામે કાર્યવાહી કરી પુછપરછ કરતા બહાર આવ્યું છે કે દર અઠવાડીયે સુરતથી એક ડીલીવરી બોય ચારથી પાંચ કિલો ગાંજો ડોશીને આપી જતો હતો. ગઈ કાલે ડીલીવરી થઈ અને મોડી રાત્રે એસઓજીએ બાતમી આધારે દરોડો પાડયો હતો.

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એલસીબી-એસઓજીની ટીમે ચોકકસ ઈન્ફર્મેશન આધારે શેરથા ટોલટેક્ષ પાસે વૉચ ગોઠવીને ગાંજાના મસમોટા જથ્થાની ઈકો ગાડીમાં સ્મગલીંગ કરતા ચાર ડ્રગ પેડલર્સને દબોચી લઈ ગાંજા સ્મગલીંગના મસમોટા રેકેટ સુધી પહોંચવાની મોટી કડી પકડી પાડી છે. રૂ. ૨.૮૦ લાખની કિંમતના ગાંજાના જથ્થાને સીઝ કરીને પોલીસે ચારેય શખ્સોનું સઘન ઈન્ટ્રોગેશન શરુ કર્યુ છે. પકડાયેલા શખ્સોની કડક પુછતાછમાં ગાંજા-ચરસના સ્મગલીંગનું મોટું નેટવર્ક ખુલે તેવી શકયતાઓ પોલીસે વ્યકત કરી છે.

જિલ્લા પોલિસ અધિક્ષક મયુર ચાવડાની સુચનાથી જિલ્લામાં નાર્કોટીકસના કેસો શોધવા એલસીબી અને એસઓજીની ટીમ સક્રિય થઈ છે ત્યારે આજે પરોઢીયે પી.આઈ. પરેશ સોલંકી અને તરલ ભટ્ટની ટીમે બાતમીને આધારે અડાલજ-કલોલ હાઈવે પર શેરથા ટોલટેક્ષ પાસે વૉચ ગોઠવી હતી. રાધનપુર તરફથી એક ઈકો ગાડી નં. જીજે ૦૨ સીજી ૪૯૨૦માં કેટલાક શખ્સો ગાંજાનો જથ્થો ભરી લાવીને કલોલ શેરથા ટોલટેક્ષ પાસેથી પસાર થઈને અમદાવાદ રખિયાલ લઈ જઈ રહ્યા હોવાની બાતમીને આધારે એલસીબી એસઓજીની ટીમે શેરથા ટોલટેક્ષ વોચ ગોઠવી ઈકો ગાડીને પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૨૮ કિલો ગાંજાનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૨.૮૦ લાખની કિંમતનો ગાંજાનો જથ્થો જપ્ત કરી એફએસએલમાંથી સાયન્ટીફીક ઓફીસર જી.પી.દરબારને તેના સેમ્પલ માટે બોલાવી લેવાયા હતા. પોલીસે મહેસાણાના કડુ શેઠના વંડા વિસ્તારના મહંમદ આરીફ, મહમંદ હારૂન, વટવા રહેતા ઈમરાન હદીસ પઠાણ અને રખિયાલમાં રહેતા મહંમદ પરવેઝ અનવર શેખ મળીને ચાર ડ્રગ પેડલર્સની ધરપકડ કરી તમામનું સઘન ઈન્ટ્રોગેશન શરુ કરવામાં આવ્યું છે. આ શખ્સો મોટા માથાઓ માટે કામ કરતા હોવાની શકયતા છે અને ગાંજા-ચરસનું મોટું નેટવર્ક બહાર આવે તેવી શકયતા છે.

સુરતના શંકરે ગાંજાની ડીલીવરી પાટણ પાસેથી અપાવી હતી

ગાંધીનગર પોલીસે પકડેલા ચાર ડ્રગ પેડલર્સની સઘન પુછપરછ કરતા બહાર આવ્યું છે કે સુરતના ગાંજા ડીલર 'શંકર' સાથે આ શખ્સો સંપર્કમાં હતા. સુરતમાં બેઠા બેઠા શંકરે પાટણ પાસેના એક ગામ નજીક હાઈવે પરની હોટલ પાસેથી કોઈ વ્યકિત મારફતે આ ગાંજાના જથ્થાની ડીલીવરી અપાવી હતી. જે વ્યકિત માલ આપવા આવ્યો તેનો નંબર આ શખ્સો પાસે નથી શંકરે આ શખ્સોને ફોન નંબર આપ્યો ન હતો. કોન્ફરન્સ કોલ કરીને શંકર આ શખ્સો સાથે તે વ્યકિતને વાત કરાવતો હતો. પોલીસે આ નેટવર્ક બહાર લાવવા કવાયત શરુ કરી કોલ ડીટેઈલસ કઢાવી એનાલીસીસ શરુ કર્યું છે.

ગુજરાત ઈતિહાસ પરિષદના મંત્રી તરીકે જિતેન્દ્ર શાહ

રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગરના અભિલેખાગાર ખાતાના નિવૃત્ત

અધિક્ષક જિતેન્દ્રભાઈ વી. શાહની ગુજરાત ઈતિહાસ પરિષદની ૨૦૧૮ થી ૨૦૨૦ની કાર્યવાહક સમિતિમાં મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેઓએ રાજયમાં તથા વિવિધ સ્થળોએ અન્ય રાજયોમાં યોજાયેલ સેમિનારમાં ૩૫ કરતાં વધારે સંશોધન લેખો વાંચન કરેલ છે. આકાશવાણી કેન્દ્રો પર ૧૫થી વધુ વખત વાર્તાલાપ પણ આપેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને બંધારણીય દરજ્જા પ્રમાણે કામકાજ આપવા રજુઆત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવે સાત વર્ષ થયા છતાં બંધારણીય દરજ્જા પ્રમાણે સંપૂર્ણ કામકાજ મળેલ નથી. સાફસફાઈ, જન્મ મરણના દાખલા તથા મિલકત વેરાને લગતી કામગીરી સોંપેલ છે. પરિણામે નાગરિકો બાય બાય ચારણી જેમ અથડાય છે. અગાઉની જેમ નોટીફાઈડ એરીયા કચેરીને અસ્તિત્વમાં લાવીને કામગીરી કરવી જોઈએ તેવી લોકલાગણી છે. મિલકતવેરા કે અન્ય આવકમાં પ્રજાના પ્રતિનિધિઓ ગ્રાન્ટનો દુરપયોગ કરે છે. દબાણવાળી જગ્યામાં બનેલ ધાર્મિક સ્થળોમાં ખુરશી, પંખાઓ, પેવર બ્લોક નાંખવાની કામગીરીથી નગરસેવકો સીધે સીધું કમિશન મેળવે છે.

આંતરિક રસ્તાઓનું છ માસથી સફાઈ કામ મંજુર થયેલ છે પરંતુ અમલ કરાતો નથી. રખડતા પશુઓ અંગે કોઈ નકકર કામગીરી કરાતી નથી. રંગમંચોનું રીનોવેશન કરીને ભાડા વધારેલ છે. ઉપરોકત પ્રશ્નોની ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરેલ છે.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સાહિત્ય સભાની માસિક બેઠક ૧૨મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગરવી ગુજરાતી માતૃભાષાના સંવર્ધન, પ્રચાર-પ્રસાર અર્થે અને માતૃભાષાનો વ્યાપ વધે અને સાહિત્યમાં રસ કેળવાય તે માટે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજાતા કાર્યક્રમો અને માસિક સભા અંતર્ગત આગામી તા. ૧૨મી ઓગષ્ટને રવિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે માસિક સભા યોજાશે આ સભામાં સાંપ્રત સમયને અનુલક્ષીને 'શ્રાવણ' અને 'સ્વાતંત્ર્ય પર્વ'ના કાવ્ય-ગીત-ગઝલની પ્રસ્તુતિ સાથેનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ રહેશે. નગરના કવિઓને આ અંગેની રચનાઓ સાથે ઉપસ્થિત રહેવા આમંત્રણ છે. પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને યોજાનાર આ સભામાં પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, રસિકો-ભાવકો તથા સર્વેસભ્યોને પ્રવકતા મૂળજીભાઈ પરમાર 'દધિ'એ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ ડિઝાઈન્સ ગ્લીમર એન્ડ ગ્લોવ્સ-૨૦૧૮ ફેશન શોમાં વિજેતા બન્યા હતા. આઈએનઆઈએફડી ગાંધીનગરના ડિરેક્ટર શ્રી વિશાલ મકવાણા એ જણાવ્યું કે, "સુનિતા ગિરી અને નેહા દીક્ષિતના બનાવવામાં આવેલા ડિઝાઈન્સ પર બાળકો એ રેમ્પવોક કર્યું હતું અને આ નવી ડિઝાઈન્સ એ ત્યાં ઉપસ્થિત દરેક લોકોના મન જીતી લીધા હતા. આ ગ્લીમર એન્ડ ગ્લોવ્સ ફેશન શો -૨૦૧૮ માં આ બંને વિદ્યાર્થીનીઓ ના ડિઝાઈન્સને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને સુપ્રસિદ્ધ ટીવી સ્ટાર અને બિગબોસના ફેમ મનુ પંજાબીના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યા હતાં."

સે-૨૯માં જગ્યા છતાં બસોનું માર્ગો ઉપર પાર્કિંગ

વિશાળ જગ્યામાં ડેપો બને તો ડિઝલ, સમય અને સલામતી જળવાય સાથે મુસાફરોને રાહત થાય તેવા ઉજળા સંજોગો : હાલ શહેરી બસો રાત્રે ડેપોમાં જાય છે વહેલી સવારે પરત આવે છે

ગાંધીનગર, તા.૧૦

રાજયભરમાં પાર્કિંગ અને દબાણ મુદ્દે ઘોંસ વધી છે અને વાહનોને ડીટેઈન કરવા સુધીના પગલાં લેવાઈ રહ્યા છે ત્યારે માર્ગો ઉપર જ પાર્કિંગ કરી પડી રહેતી શહેરી બસો વિરૂધ્ધ કેમ પગલાં લેવાતા નથી તેવો સવાલ ઉભો થયો છે. જો કે શહેરના ઘ-૭ (સેકટર-૨૯)માં નિગમની ખાલી જગ્યા પડી રહી છે જયાં શહેરી બસ ડેપો બનાવવામાં આવે તો પાર્કિંગના પ્રશ્ન સાથે સાથે ડિઝલ, સમય અને સલામતીનું પણ નિરાકરણ આવી શકે છે. હાલમાં સેકટર-૨૮/૨૯ના કંટ્રોલ પોઈન્ટથી બસો ઉપડે છે અને અહીં સુધી આવે છે જેથી મોટી સંખ્યામાં બસોનું સંચાલન થતું હોઈ આ જગ્યાનો સદુપયોગ થાય તો મુસાફરો માટે પણ રાહત ઉભી થશે.

એસ.ટી. નિગમના અમદાવાદ વિભાગ દ્વારા સંચાલન થતા સેકટર-૨૮/૨૯ના કંટ્રોલ પોઈન્થી શહેરી બસોનું નિયંત્રણ થાય છે. જેમાં પહેલું અને છેલ્લું સ્ટેન્ડ પણ સે-૨૮/૨૯નું હોય છે જેમાં રાત્રીએ અહી મુસાફરો ઉતારી બસો ડેપોમાં જાય છે જયારે કેટલીક બસ અહીં માર્ગ ઉપર જ પડી રહે છે. પાર્કિંગની બુમરાણ વચ્ચે સરકારના આ વિભાગ દ્વારા યોગ્ય વ્યવસ્થાના અભાવે બસોને માર્ગ પર જ પાર્ક કરવી પડે છે. જો કે સે-૨૯માં એસ.ટી. નિગમની વિશાળ જગ્યા બિન ઉપયોગી પડી રહી છે જેથી કેટલાક જાગૃત નાગરિકો દ્વારા આ જગ્યા ઉપર શહેરી બસ ડેપો બનાવવા સુચન કરવામાં આવ્યા છે.

માર્ગઉપર અસલામત પડી રહેતી એસ.ટી. બસોના માલ સામાનનું પણ જોખમ રહે છે. વધુમાં પાર્કિંગ સમસ્યાનો પણ સામનો કરવો પડે છે તેમજ ડિઝલ અને સમય પણ વેડફાઈ રહ્યા છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ મુસાફરોએ સલાહકાર સમિતિના સભ્ય કેયુરભાઈ પટેલને સે-૨૯માં નિગમની જગ્યા ઉપર ડેપો બનાવવા માંગ કરી હતી જે અંગે કેયુરભાઈ પટેલે રાજયના મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી આર.સી. ફળદુ, ઈશ્વરભાઈ પટેલ તથા નિગમના મેનેજીંગ ડિરેકટર અને વિભાગીય નિયામક અમદાવાદને પત્ર લખી નિગમની સે-૨૯ની જગ્યાએ શહેરી બસ ડેપો બનાવવા ભલામણ કરી છે. વિકાસ અને સ્માર્ટ સિટી અંતર્ગત મુસાફરો અને બસો માટે જો આ નવીન સુવિધા ઉભી થશે તો રાજયના પાટનગરની શાન, બાન અને આનમાં ચાર ચાંદ લાગી જશે તેમજ પડી રહેલી જગ્યાનો સદુપયોગ પણ થઈજશે તે વધારાનું ગણાશે.